L09001309123 3

# નિયામક, ઔધોગિક સલામતી અને સ્વાસ્થય ની કચેરી,

૩, ૪ અને ૫ મો માળ, શ્રમ ભવન, ગન હાઉસની બાજુમાં,
ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧, ફોન નંબર:- (૦૭૯) ૨૫૫૦૨૩૪૯
વેબસાઈટ:- www.dish.gujarat.gov.in

आज़ादी का अमृत महोत्सव

**RPAD**

ક્રમાંક: ડીઆઇએસએચ/બાંધકામ/ ૯૮૮ /૨૦૨૨

તા. ૨૫/૦૨/૨૦૨૨

(૧) માનનીય વાઈસ ચેરમેન અને મેનેજિંગ ડિરેકટરશ્રી
ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન
બ્લોક નં.-૩,૪,૫, ઉદ્યોગ ભવન,
સેકટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૧

(૨) માનનીય વાઈસ ચેરમેન અને મેનેજિંગ ડિરેકટરશ્રી
ગુજરાત મેરીટાઈમ બોર્ડ,
"સાગર ભવન", સેકટર-૧૦-એ,
ગાંધીનગર-૩૮૨૦૧૦

વિષય:- મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગીઓ (રોજગારીનું નિયમન અને નોકરીની શરતો) અધિનિયમ, ૧૯૯૬ (The BOCW Act, 1996) હેઠળ બાંધકામ કરતી સંસ્થાની નોંધણી કરાવવાની શરત ટેન્ડર/વર્ક ઓર્ડર/L.O.I.માં ઉમેરવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, કેન્દ્ર સરકાર દ્વારા બાંધકામ શ્રમયોગીઓના સ્વાસ્થય, સલામતી અને કલ્યાણના હેતુ માટે "મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગીઓ (રોજગારીનું નિયમન અને નોકરીની શરતો) અધિનિયમ, ૧૯૯૬" (The Building and Other Construction Workers' (Regulation of Employment and Condition of Service) Act,1996) તારીખ ૦૧/૦૩/૧૯૯૬ થી સમગ્ર ભારતમાં અમલમાં છે. તેમજ અમલીકરણ માટે ગુજરાત સરકાર દ્વારા "ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગીઓ (રોજગારીનું નિયમન અને નોકરીની શરતો) નિયમો, ૨૦૦૩" તારીખ ૧૮/૦૮/૨૦૦૩ના જાહેરનામાથી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગીઓ (રોજગારીનું નિયમન અને નોકરીની શરતો) અધિનિયમ, ૧૯૯૬ ની કલમ-૪૨(૩) અન્વયે ગુજરાત રાજયમાં કાયદાના અમલીકરણ માટે ઇન્સ્પેકટર ઓફ ઇન્સ્પેકશન ઓફ બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન, વર્ગ-૨ની નિમણૂંક કરવામાં આવેલ છે. સદર કાયદાની કલમ-૧(૪) મુજબ જે સંસ્થામાં (બાંધકામ સાઈટ પર) વર્ષમાં કોઈપણ દિવસે મકાન અને અન્ય બાંધકામમાં ૧૦ કે તેથી વધુ બાંધકામ શ્રમિકોને કામે રાખવામાં આવેલ હોય તેવી દરેક સંસ્થાને આ કાયદો લાગુ પડે છે. સદર કાયદાની કલમ-૪૬ તેમજ તે હેઠળના ગુજરાતના નિયમ-૫૫(૧) મુજબ બાંધકામ પ્રવૃતિ શરૂ કરવાના ૩૦ દિવસ પહેલાં આવી પ્રવૃતિ ચાલુ કરવાની ચોક્કસ તારીખ તથા પ્રવૃતિ પુરી કરવાની સંભવિત તારીખ તથા અન્ય વિગતોની નોટીસ નિયત નમુના-૪માં જે જિલ્લામાં બાંધકામ સાઈટ કાર્યરત હોય તે જિલ્લાનું કાર્યક્ષેત્ર ધરાવતા બાંધકામ નિરીક્ષકની કચેરીએ મોકલી આપવાની હોય છે. તેમજ ઉકત અધિનિયમ (The BOCW Act, 1996)ની કલમ-૭ તેમજ તે હેઠળના ગુજરાતના નિયમ-૨૩ મુજબ દરેક સંસ્થાના માલિકે કામકાજ શરૂ કર્યાનાં ૬૦ દિવસમાં બાંધકામ સાઇટની સંસ્થાની નોંધણી **www.ifp.gujarat.gov.in** પર જરૂરી નિયત દસ્તાવેજો સાથે ઓનલાઈન ફીની ચૂકવણી કરી કરવાની રહે છે. સદર અધિનિયમની કલમ-૧૦(એ) મુજબ કલમ-૭ હેઠળની નોંધણીપાત્ર સંસ્થાના માલિક દ્વારા **સંસ્થાની નોંધણી કરાવ્યા વિના બાંધકામ શ્રમિકોને બાંધકામ સાઈટ પર કામે રાખી શકાય** નહીં અને આ અંગે કસુર કરવામાં આવે તો બાંધકામ સંસ્થા/માલિક/કોન્ટ્રાકટર વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાની રહે છે.

ગુજરાત સરકારશ્રી દ્વારા હાલમાં રાજયમાં બનતા અકસ્માતોની સંખ્યા ઘટાડવાના અભિ ભાગરૂપે ઉકત અધિનિયમ હેઠળનાં ઇન્સ્પેકટર ઓફ ઇન્સ્પેકશન ઓફ બિલ્ડીંગ એન્ડ અ કન્સ્ટ્રકશન.વર્ગ-૨ ની વિવિધ બાંધકામ સાઇટો પર કામ કરતા બાંધકામ શ્રમિકોની સુરક્ષા, સ્વાસ્થય અ કલ્યાણલક્ષી જોગવાઇઓ અન્વયે તપાસ કરવાની જવાબદારી હોઇ આપના ટેન્ડર/વર્ક ઓર્ડર/L.O.I./રજાચિઠ્ઠીમાં નીચે મુજબની શરતનો ઉમેરો કરવામાં આવે તેમજ સંસ્થા દ્વારા નોંધણી કરાવવામાં આવે તો કાયદાનું અમલીકરણ વધુ સારી રીતે થઈ શકે તેમ છે.

**"મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગીઓ (રોજગારીનું નિયમન અને નોકરીની શરતો) અધિનિયમ,૧૯૯૬" (The BOCW Act, 1996) હેઠળ દરેક માલિકે બાંધકામ પ્રવૃતિ શરૂ કરવાના 30 દિવસ પહેલાં સદર કાયદા હેઠળનાં નિયત નમુના-૪માં નોટીસ જે-તે જિલ્લાની નિયામકશ્રી, ઔધોગિક સલામતી અને સ્વાસ્થયના તાબા હેઠળની કચેરી ખાતે મોકલી આપવાની રહેશે તેમજ કામકાજ શરૂ કર્યાનાં ૬૦ દિવસમાં The BOCW Act, 1996 હેઠળ સંસ્થાની નોંધણી કરાવી પ્રમાણપત્રની નકલ અત્રે રજૂ કરવાની રહેશે."**

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના તાબા હેઠળની ઔધોગિક સલામતી અને સ્વાસ્થયની જિલ્લા કચેરીની વિગતો આ સાથે બિડાણમાં સામેલ કરેલ છે.

ઉકત હકીકતને ધ્યાને લઈ આપના હસ્તકની હાલમાં કાર્યરત બાંધકામ સાઈટ પર બાંધકામની કામગીરી અર્થે રોકેલ સંસ્થાની નોંધણી કરાવવા અર્થે દરેક માલિક/સંસ્થાને The BOCW Act. 1996 હેઠળ સંસ્થાની નોંધણી કરાવી પ્રમાણપત્રની નકલ ફરજિયાત માંગવામાં આવે તે મુજબની કાર્યવાહી થવા અને તે અંગેની જાણ અત્રેની કચેરીને કરવા વિનંતી છે.

બિડાણ:- ઉપર મુજબ

P.M. Shah

(પી.એમ.શાહ)
ચીફ ઈન્સ્પેકટર ઓફ ઈન્સ્પેકશન
ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ એકટ-૧૯૯૬
અને
ડાયરેકટર,ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ
ગુજરાત રાજય, અમદાવાદ

નકલ સવિનય સાદર રવાના:-

- માનનીય અગ્રસચિવશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,
  બ્લોક નં.-૫, છઠ્ઠો માળ, નવા સચિવાલય,
  ગાંધીનગર-૩૮૨૦૧૦

L090013091233-03/03/2022
Branch : REGISTRY
Office : Head Office
Priority : Routine Letters
Label

| ક્રમ | રીજીયન | જીલ્લો | ઓફીસ |
|---|---|---|---|
| ૧ | | અમદાવાદ | નિયામક, ઔધોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી, ગુજરાત રાજય<br>ત્રીજો, ચોથો, પાંચમો માળ, શ્રમભવન, ગન હાઉસ પાસે, ખાનપુર, અમદાવાદ |
| ૨ | અમદાવાદ | મહેસાણા<br>પાટણ<br>બનાસકાંઠા | નાયબ નિયામક, ઔધોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી.<br>સાકાર સેન્ટર પોઇન્ટ, બીજો માળ, કોલેજ પાસે, નાગલપુર પાટીયા, મહેસાણા (ઉ.ગુ) |
| ૩ | | ગાંધીનગર<br>સાબરકાંઠા<br>અરવલ્લી | ના: બ નિયામક, ઔધોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી,<br>પાંચમો માળ, સી-બ્લોક, સહયોગ સંકુલ, સેકટર-૧૧, ગાંધીનગર |
| ૪ | | વડોદરા<br>છોટા ઉદેપુર | નાયબ નિયામક, ઔધોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી<br>કોઠી કચેરી કંમ્પાઉન્ડ, ૭મો માળ, આઇ-બ્લોક, કુબેરભવન, વડોદરા. |
| ૫ | વડોદરા | ખેડા<br>મહીસાગર | નાયબ નિયામક, ઔધોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી<br>મલ્ટી સ્ટોરેડ બિલ્ડીંગ, ડી-બ્લોક, ગ્રાઉન્ડ ફલોર, સરદાર પટેલ ભુવન, નડીયાદ |
| ૬ | | આણંદ | મદદનીશ નિયામક, ઔધોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી<br>૨૧૨, બીજો માળ, જીલ્લા સેવા સદન, બોરસદ ચોકડી પાસે, આણંદ. |
| ૭ | | દાહોદ પંચમહાલ | નાયબ નિયામક, ઔધોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી<br>૬૬ થી ૬૭, મલ્ટી સ્ટોરેજ બિલ્ડીંગ, પહેલો માળ, કલેકટર કચેરી કંમ્પાઉન્ડ, ગોધરા |
| ૮ | | સુરત<br>તાપી | સંયુકત નિયામક, ઔધોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી<br>જીલ્લા સેવા સદન-૨-બી-બ્લોક, ૬ઠ્ઠો માળ, સર્કીટ હાઉસ સામે, અઠવાલાઇન્સ, સુરત |
| ૯ | | ભરૂચ<br>નર્મદા | નાયબ નિયામક, ઔધોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી<br>બીજો માળ, મલ્ટી સ્ટોરેજ બિલ્ડીંગ,ગાયત્રીનગર સામે, કણબીવાગા, ભરૂચ-૩૯૨૦૦૧. |
| ૧૦ | સુરત | નવસારી | મદદનીશ નિયામક, ઔધોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી<br>ત્રીજો માળ, પશ્ચિમ વિભાગ, મલ્ટી સ્ટોરેજ બિલ્ડીંગ, જુનાથાણા, નવસારી |
| ૧૧ | | વલસાડ<br>ડાંગ | નાયબ નિયામક, ઔધોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી<br>પાંચમો માળ, એ-બ્લોક, મલ્ટી સ્ટોરેજ બિલ્ડીંગ, જલારામ ટેમ્પલ રોડ, વલસાડ. |
| ૧૨ | | રાજકોટ | સંયુકત નિયામક, ઔધોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી<br>બ્લોક નં-૭, આઠમો માળ, મલ્ટી સ્ટોરેજ બિલ્ડીંગ, રાજકોટ. |
| ૧૩ | | સુરેન્દ્રનગર | મદદનીશ નિયામક, ઔધોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી<br>૨૦૧ "સી" બ્લોક, બીજો માળ, મલ્ટી સ્ટોરેજ બિલ્ડીંગ, ખેરાલી રોડ, સુરેન્દ્રનગર. |
| ૧૪ | | ભાવનગર<br>બોટાદ | મદદનીશ નિયામક, ઔધોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી ટી-૮, મલ્ટી સ્ટોરેજ બિલ્ડીંગ, પેલેસ રોડ, ભાવનગર |
| ૧૫ | | જામનગર<br>દેવભુમી દ્વારકા | નાયબ નિયામક, ઔધોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી<br>ડો. હેડગેવર ભવન, જાડા બિલ્ડીંગ, સાત રસ્તા, જામનગર |
| ૧૬ | રાજકોટ | જુનાગઢ<br>ગીર-સોમનાથ<br>અમરેલી<br>પોરબંદર | નાયબ નિયામક, ઔધોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી<br>સરદાર બાગ, ડી.આઇ.સી પાસે, જીલ્લા ઉધોગ કેન્દ્ર પાછળ, જુનાગઢ. |
| ૧૭ | | કચ્છ | નાયબ નિયામક, ઔધોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી<br>પ્લોટ નં-૬૬, બોર્ડ નં-૧/બી, લીલાશા રેલ્વલ ક્રોસીંગ પાસે, તોલાણી ઇન્સ્ટીટયુટ ઓફ સાયન્સ સામે, આદીપુર (કચ્છ) |
| ૧૮ | | મોરબી | નાયબ નિયામક, ઔધોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી<br>સી-૪, નર્મદા કવાટર્સ, જીલ્લા સેવા સદન કેમ્પસ, લાલબાગ, મોરબી |